**પ્રેસનોટ** **તા.૦૪/૦૭/૨૦૦૯**

ભાજપના પ્રદેશ પ્રવકતા શ્રી આઈ.કે.જાડેજાએ જણાવ્યુ છે કે આજરોજ પ્રદેશ ભાજપ કારોબારીની બેઠક પ્રદેશ પ્રમુખ શ્રી પરશોત્તમભાઈ રૂપાલાની અધ્યક્ષતામાં તથા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે યોજાઈ હતી. જેમાં નવુ સંગઠન પર્વ, જળ વ્યવસ્થાપન ક્ષેત્રે યુનોનો એવોર્ડ - કૃષિ ઉત્પાદનમાં આઈ.એફ.ટી.આર.આઈ ની પ્રસંશા, બજેટમાં કરેલ વિવધ જોગવાઈનો અભિનંદનનો ઠરાવ તથા રાજકીય ઠરાવમાં ગુજકોક અને મકોકાની કોંગ્રેસની બેવડી નિતીઓ તેમજ પેટ્રોલ-ડીઝલના ભાવવધારો પાછો ખેચવાની માંગણી કરાઈ હતી. આ ઉપરાંત જુનાગઢ મહાનગરની ચૂંટણી તથા સાત વિધાનસભાની પેટા ચૂંટણી અંગેની ચર્ચા હાથ ધરાઈ હતી.

શ્રી જાડેજાએ વધુમાં જણાવ્યુ હતુ કે સંગઠન પર્વનો પ્રારંભ ૬ જુલાઈ શ્યામા પ્રસાદ મુખરજીના જન્મદિનથી પ્રારંભ થશે. પ્રદેશ કારોબારીને સંબોધતા પ્રદેશ અધ્યક્ષ શ્રી રૂપાલાજીએ જણાવ્યુ હતુ કે સંગઠન પર્વને વ્યાપક રીતે આમ જનતા સુધી લઈ જઈ ભાજપની વિચારધારાને આગળ ધપાવવા અનુરોધ કર્યો હતો. સંગઠન પર્વમાં નવા નવા આયામો ઉમેરીને આઈ.ટી. ક્ષેત્રનો પણ ઉપયોગ કરવા જણાવ્યુ હતુ. જુનાગઢ મહાનગર અને આગામી વિધાનસભાની ચૂંટણીઓ અંગે જરૂરી માર્ગદર્શન આપ્યુ હતુ. યુપીએની કેન્દ્ર સરકારે ગુજકોક અને મકોકાની બેવડી નિતીની આકરી ટીકા કરી હતી અને આ બાબત જનતા સુધી લઈ જવા હાકલ કરી.

સમારોપ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉપસ્થિત કાર્યકર્તાઓને સંબોધતા જણાવ્યુ હતુ કે લોકસભાની ચૂંટણી બાદ યોજાયેલ સહકારી, રમતગતમ ક્ષેત્રે તેમજ પેટા ચૂંટણીઓમાં ભાજપનો વિજય થયો છે. જુનાગઢની ચૂંટણી સંદર્ભે તેઓએ જણાવ્યુ હતુ કે, જુનાગઢના આગેવાનોએ ભાજપના કાર્યકર્તાઓને પ્રેરણા મળે તેવુ ઉમદા ઉદાહરણ પુરૂ પાડ્યુ છે. પદ નાનુ હોય કે મોટુ કર્તવ્ય અને જવાબદારી સ્વીકારી છે.

આગામી સંગઠન પર્વ અંગે તેમણે નક્કર ધરાતલ આયોજન, પ્રત્યેક દિવસનું રીપોર્ટીંગ અને સામુહિકતા એમ ત્રણ બાબતો પર ભાર મુક્યો હતો. સદસ્યતા અભિયાનમાં વિવિધ સામાજીક સંગઠનો, અસંગઠીત મજુર ક્ષેત્ર, ઉચ્ચ વર્ગ, છેવાડાના માનવી, દલિતો, આદિવાસી, લઘુમતી વગેરે જ્ઞાતિઓની રચનાઓને સમજીને વૈજ્ઞાનિક ઢબે પ્રયાસ કરવો જોઈએ તથા પેટા જ્ઞાતિઓના આગેવાનોને પણ જોડવા જોઈએ. શૈક્ષણિક, આર્થિક, સામાજીક, ભૌગોલિક વગેરે બાબતોનું પણ ધ્યાન રાખી આયોજન કરવા જણાવ્યુ હતુ.

આગામી દિવસોમાં ભાજપાના કાર્યકર્તાઓને પર્યાવરણ પ્રવૃત્તિમાં અગ્રેસર બનવા સૂચન કર્યુ હતુ. તેમજ ભાજપનો પ્રત્યેક કાર્યકર્તા પર્યાવરણ પ્રેમી બને તેવુ આહવાન કર્યુ હતુ. તેમણે સહકાર ક્ષેત્ર પછી રમત-ગમત ક્ષેત્રે વિશાળ ફલક છે, જેમાં યુવાનોને નેતૃત્વ કરવા જણાવ્યુ હતુ.

આભાર પ્રસ્તાવ પ્રદેશ મહામંત્રી શ્રી ભરતસિંહ પરમારે મુક્યો હતો તેને પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી ઝવેરભાઈ ચાવડાએ અનુમોદન આપ્યુ હતુ. રાજકીય ઠરાવ પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી અનંતભાઈ દવેએ રજુ કર્યો હતો. તેને પ્રદિપસિંહ જાડેજાએ અનુમોદન આપ્યુ હતુ. સંગઠન પર્વના પ્રદેશ ઈન્ચાર્જ શ્રી ભરતભાઈ પંડ્યાએ જણાવ્યુ હતુ કે સંગઠન પર્વને કંટાળા જનક નહી પણ કર્તવ્ય જનક ગણજો અને ત્રણ તબક્કામાં ૧૫ ઓગષ્ટના દિવસે પૂર્ણ કરવામાં આવશે.

પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભિખુભાઈ દલસાણિયા અને પ્રદેશ મહામંત્રી શ્રી જયંતિભાઈ બારોટે જરૂરી માર્ગદર્શન આપ્યુ હતુ. પ્રદેશ મહામંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યુ હતુ.